

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ગ્રંથમાંથી

## **પરસન્મુખતાનો નિષેધ** વિષયક વચનામૃતો

### પરસન્મુખતાનો નિષેધ

સાંભળી સાંભળીને મળી જશે, તે દૃષ્ટિ જુઠ છે. (કાર્યસિદ્ધિ) પોતાના (અંતરપુરુષાર્થ) થી જ થશે. સાંભળવું, સંભળાવવું, વાંચવું, તે બધું (બહિર્મુખભાવ કાર્યસિદ્ધિ માટે) બેકાર છે. તે હોય તો ભલે હોય, પરંતુ તેનો ખેદ થવો જોઈએ, નિષેધ આવવો જોઈએ. (૧૫)

❁

હું પહેલા તો બધું સાંભળી લઉં, જાણી લઉં,, પછી પુરુષાર્થ કરીશ. ( એવા પરિણામ, સ્વભાવની અરુચિનું દ્યોતક છે) આમ પછીવાળા સદાય પછી-પછી જ રહેશે. (અહીં તો) વર્તમાન આ ક્ષણથી (પુરુષાર્થ) જ કરવાની વાત છે. (૧૬)

❁

બીજા પાસેથી સાંભળવું-માગવું બધી પામરતા છે દીનતા છે, ભીખારીપણું છે. મારામાં શું ખામી છે, કે હું બીજા પાસે માગું ! હું તો પરિપૂર્ણ છું.... (૪૬)

❁

''અહો ! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, તે ભાવ પણ નુકશાન કર્તા છે'' આ વાત કહેવાની કોની તાકાત છે ? એ તો ગુરુદેવનું જ સામર્થ્ય છે ! (૪૭)

❁

તીર્થંકરની દિવ્ય ધ્વનિથી પણ લાભ થતો નથી, તો પછી બીજા કોનાથી લાભ થાય ? તે (દિવ્યધ્વનિ) પણ પોતાને છોડીને એક (ભિન્ન) વિષય જ છે. (અહીં તો સાંભળવાના બહિર્મુખી પરિણામથી છૂટીને અંતર્મુખ થવાની પ્રેરણા છે.) (૪૮)

❁

પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ શાસ્ત્ર વાંચતા સમયે કહ્યું, જેમ વેપારમાં ચોપડાના પાનાં ફેરવે છે, તેમ આ પાના છે, કોઈ ફરક નથી, જો અંતરની (ધ્રુવ ચૈતન્યની) દૃષ્ટિ નથી, તો બન્ને સમાન છે. (૬૧)

❁

તીર્થંકર યોગ અને વાણી મળી તો સારું છે, ભવિષ્યમાં પણ આ ભાવથી મળશે, એવી તેમાં હોંશ આવે છે તો તેનાથી કઈ રીતે છૂટશે ? લાભ માને છે, તો કઈ રીતે છોડશે ? તેનાથી (એવા ભાવથી) નુકસાન જ છે, લાભ નથી, લાભ તો મારાથી જ છે. વર્તમાનમાં જ મારાથી લાભ છે એવું જોર નહિ હોય તો પરમાં અટકી જશે. (બહિર્મુખ પરિણામનો રસ, પરિણામને અંતર્મુખ થવામાં બાધક થાય છે, એવો અહીં અભિપ્રાય છે.) (૬૨)

❁

ભગવાનની વાણી સાંભળવામાં (સાંભળવાના લક્ષમાં) પોતાનો નાશ થાય છે. જેમ સ્ત્રીનો વિષય છે તેમ આ પણ વિષય છે (પરલક્ષી બધા ભાવો વિષયના ભાવ સમાન જ છે, કારણકે પરમાર્થે પરલક્ષ થવામાં આત્માના ગુણનો ઘાત જ થાય છે. (૧૦૧)

❁

શાસ્ત્રમાં વાત આવે કે બરફના સંયોગથી પાણી વધારે શીતળ થાય છે તેમ અધિક ગુણવાનના સંગમાં રહેવાથી વધારે લાભ થાય

**અનુસંધાન પૃષ્ઠ સંખ્યા-૧૫**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૧ : અંક-૨૧૫, વર્ષ-૨૦, સપ્ટેમ્બર-૨૦૧૫

## જેઠ વદ ૪, મંગળવાર, તા.૭-૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન-૨, ગાથા-૪ થી ૬

**'अप्पा झायहि णिम्मलउ जिम सिवसुक्ख लहेवि'** દેખો! એક-બે પદમાં કારણ અને કાર્ય બે બતાવ્યા. પહેલામાં આત્મા શુદ્ધ ભગવાન, પવિત્ર (છે). એ વ્યવહારના વિકલ્પથી જુદો (છે), એનું ધ્યાન કર, આને (પરભાવને) છોડ. અહીં ધ્યાન કર તો **'लहेवि'**. **'जिम'** પામે. શું? **'जिम'** એટલે **'જિસસે...'** જેનાથી **'सिवसुक्ख लहेवि'**. મોક્ષના સુખને તું 'પા સકે.' લ્યો! એ આત્માના પૂર્ણ આનંદના સુખને પામી શકાય. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! આમાં ભગવાનની મૂર્તિ ને પૂજા ને જાત્રા-બાત્રા તો ક્યાંય આવી નહિ, હોં! આમાં. એ પરભાવ શુભ હોય એનું લક્ષ છોડ, અહીં ધ્યાન કર. એટલું મોક્ષનું કારણ છે.

મુમુક્ષુ : બરાબર છે.

ઉત્તર : શું બરાબર છે? પણ હજી તમારે મંદિર કરવું છે ને બરાબર? અત્યારથી હોંશ ઊડી જશે.

મુમુક્ષુ : ઈ તમારે માટે નથી.

ઉત્તર : બેના માર્ગ જુદા હશે? આ તો અમારે કહે ને, હોંશ ઊડી જાય, હોંશ ઊડી જાય. હોંશ ઊડી જાય છે શું કરવા? એને યથાર્થ તત્ત્વની દૃષ્ટિ થાય કે, ઓ..હો...! આપણે આ કરી શકતા નથી, થવા કાળે થાય છે. વિકલ્પ, રાગ આવે છે એ પણ મારે ત્યાં એકાગ્ર રહેવા જેવું નથી. એમ થાય. આહાહા..! ત્યારે ઓલા કહે, વાત કરે છે સારી, પણ પાછા લાખોના મંદિરો કરાવે છે. કોણ કરાવે છે પણ? સાંભળ તો ખરો. ગામોગામ મંદિરો પાછા. 'વાંકાનેર', 'મોરબી', 'રાજકોટ' ને 'ગોંડલ' ને 'જેતપુર' ને 'પોરબંદર' હેં? આની કોરના ઘણા બધા રહી ગયા. 'લાઠી' ને 'વીંછીયા' ને 'બોટાદ' ને 'લીંબડી' ને 'વઢવાણ 'કાંપ' ને 'જોરાવરનગર' ચારેકોર દેરાસર, દેરાસર.

ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એ વખતે એ પર્યાયો ત્યાં થવા કાળે થાય છે. જેને તેનો પ્રેમ હોય છે, એ શુભભાવને ત્યાં નિમિત્ત કહેવાય છે. એવો ભાવ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, પણ એ વ્યવહાર બંધનું કારણ છે એમ એણે જાણવું જોઈએ. કહો, સમજાણું? 'બાબુભાઈ'! આ ૯૯ જાત્રા કરીને મોક્ષ થાય એ હરામ (છે), અહીં ના પાડે છે. આ બધા ન્યાં

મંદિર બાંધવામાં પડવાના છે. આ પણ અહીંથી જાવાના છે. હેં?

કરે છે ક્યાં? કરતો જ નથી. અહીં તો વાંધા ઈ છે. કરે કોણ? ત્યાં રજકણોની અવસ્થા થવા કાળે થાય તેને કરે કોણ? એ તો અહીં માંડી છે. સવા ત્રણ-ત્રણ વર્ષ થવા આવ્યા તોય તમારું ચાલતું નથી. કરવું હોય તો થાય, તો અત્યાર સુધી કેમ થયું નહિ? અહીં તો કહે છે કે, એ સંયોગે ત્યાં આગળ જે રજકણની રચના થવા કાળે થયા વિના રહેવાની નથી. તેમાં આત્માના શુભ પરિણામનો અધિકાર નથી કે, શુભ પરિણામ કર્યા માટે થયું અને શુભ પરિણામ થયા માટે આત્મામાં અહીં એકાગ્રતા થાશે એમ પણ નથી. શુભ થયા માટે ન્યાં થયું એમ નથી અને શુભ થયા માટે આત્મા તરફ જવાય છે એમ પણ નથી. આરે...! આહાહા..! આ માર્ગ વીતરાગનો (છે). આહા..! કહો, 'પ્રવીણભાઈ'! શુભભાવ કર્યા માટે થયું એમેય નહિ અને શુભભાવ થયો માટે આત્મામાં અંતરમાં એકાગ્ર થવાનું સહેલું પડશે (એમેય નહિ). એ.. 'મોહનભાઈ'! એણે તો કરાવ્યું છે પહેલું, હવે ક્યાં છે એને? ઈ ઘણા બધા કહે છે, હોં! કે, વાત તો બહુ ઊંચી કરે છે, સાચી લાગે છે, પણ પાછું આ પૂજા ને ભક્તિ ને લપ તો મોટા મોટા ગામોગામ વધાર્યે જાય છે. એ...ઈ...! 'ચીમનભાઈ'! હેં?



પણ બાપુ! તને ખબર નથી. કોણ વધારે? એ તો એને કાળે થાય છે. કોઈના કર્યા થાતા નથી.

અહીં તો ઘણા વર્ષ પહેલા મંદિર કરવાનો ભાવ હતો, લ્યો! પહેલા જ્યારે (સંવત) ૧૯૯૫માં ગયા ને? ત્યારથી વાત હતી. એક સ્ફટિકની મૂર્તિ લાવો. ક્યાં? 'ઘોઘા'માં હતી. ક્યાં ગયા 'શાંતિભાઈ'? સૂઈ ગયા હશે. સમજાણું? સ્ફટિકની મૂર્તિ 'ઘોઘા'માં છે એને અહીં લાવી મૂકજો. એવી વાતું ચાલતી હતી, આપણે સાંભળતા હતા. ન આવ્યું તો ન થયું. ન હોય તો શું થાય? એ (સંવત) ૧૯૯૭માં થવાનું હતું તે થયું. ભાઈ! એ વાતું એવી છે. પરના કાર્યને આત્મા કરે એ તો બહિરાત્મા પરને (અને) પોતાને બેને એક માને છે. જુદાં માનવાની એની યોગ્યતા નથી. ત્યાં સુધી ચાર ગતિના ભયથી બીનો નથી. આહાહા..!

**'જિમ સિવસુક્ખ લહેવિ'**

જુઓ! મોક્ષના સુખને પામે. એક વાત છે. ચાર ગતિમાં સુખ નથી, એમ સિદ્ધ કર્યું. શિવસુખને પામે. શિવ એટલે મોક્ષ, હોં! શિવ એટલે શંકરનું સુખ, એમ નહિ. શિવસુખ નથી આવતું? નમોત્થુણુંમાં શબ્દમાં. શિવ લહ્યો શિવ એટલે નિરૂપદ્રવ. ઉપદ્રવ વિનાના આત્માના આનંદની (પ્રાપ્તિ). નમોત્થુણંમાં આવે છે. અર્થ પણ ક્યાંથી આવડતો હોય? 'સિવમલયમરુયમણંતમક્ખયમવ્વાબાહમપુણરાવિત્તિ' આવે છે ને? કોને

ખબર એકેય શબ્દની? ગડિયા હાંકે જાય.

અહીં ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ કહેલું 'યોગીન્દ્રદેવ' કહે છે. આત્મા શું છે એને પહેલો જાણજે અને પછી તેનું ધ્યાન કરજે. એટલે કે દષ્ટિનો પલટો મારજે. આમ (બહિર્મુખ) દષ્ટિ છે, આમ (અંતર્મુખ) કરજે. એનાથી ધ્યાનથી શિવસુખ પામીશ. એ સિવાય મોક્ષના સુખની પ્રાપ્તિનો બીજો ઉપાય વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં નથી, બીજે તો છે નહિ. પાંચમી (ગાથા પૂરી) થઈ.

છઠ્ઠી. હવે ત્રણ પ્રકારના આત્મા (કહે છે). આત્મા.. આત્મા કરે છે ને? પણ આત્માની પર્યાયના ત્રણ પ્રકાર છે. પર્યાયના, હોં! સમજાણું કાંઈ? એકલા બધા આત્મા અનાદિ નિર્મળ જ છે, એમ કહે છે એ ખોટું. એકલા મલિન જ છે એમ કહે છે એ ખોટું. આ ત્રણ પ્રકારના આત્મા. સમજાણું કાંઈ? **'આત્મા તીન પ્રકાર સે હૈં.'**

**तिपयारो अप्पा मुणहि परु अंतरु बहिरप्पु।**
**पर झायहि अंतर सहिउ बाहिरु चयहि णिभंतु।।६।।**

**'આત્માકો તીન પ્રકાર જાનો.'** આત્માની પર્યાયઅવસ્થાથી, હોં! અવસ્થાથી. દ્રવ્યરૂપે તો ત્રિકાળ એકરૂપ છે. પર્યાયમાંઅવસ્થામાંહાલતમાં ભૂલ, ભૂલનું ટળવું અને નિર્ભૂલની પૂર્ણની પ્રાપ્તિ બધી પર્યાયમાં છે. શું કીધું ઈ? બહિરાત્મપણું પણ એની પર્યાયમાં છે. રાગ, પુણ્યને પોતાના માનવા એ એની પર્યાયમાં છે. અંતરાત્માપણુંઆત્મા શુદ્ધ છે એમ માનવું એની પર્યાયમાં છે અને પૂર્ણ પરમાત્માપણે પરિણમવું એ પણ એની પર્યાયમાં છે.

**'આત્માકો તીન પ્રકાર જાનો. પરમાત્મા,...'** પહેલું એ લીધું. ઉત્કૃષ્ટ પરમાત્મદશા. શક્તિરૂપે પરમાત્મા તો દરેક આત્મા છે. શું કીધું? જે પરમાત્માની પર્યાય પ્રગટ થવાની છે, સાદીઅનંત, એ બધી શક્તિઓ વર્તમાન અંતરાત્મામાં પડી છે. વર્તમાન શક્તિ પડી છે. પણ પ્રગટ પર્યાયની અપેક્ષાએ અહીંયાં પરમાત્માની વાત કરે છે. સમજાણું કાંઈ? અપ્રગટપણે શક્તિપણે તો દરેક આત્મામાં જેટલી પરમાત્માની પર્યાય પ્રગટ થવાની એ બધી અપ્રગટપણે, શક્તિપણે અંદર આત્મામાં અત્યારે પડી છે. સમજાણું કાંઈ? પણ પ્રગટ પર્યાયની અપેક્ષાએ પરમાત્મા થાય તેને અહીં પરમાત્મા ગણવામાં આવ્યા છે. આહાહા..!

**'અંતરાત્મા,...'** બીજો અંતરાત્મા. પરમ પૂર્ણ થઈ ગયો. અંતર વસ્તુ જે પરમાત્મ શક્તિ છે અને એ અંતરાત્માની બધી પર્યાયો એ પણ બધી શક્તિઓ અંદર છે અને બહિરાત્માની બધી પર્યાયોની પણ શક્તિઓ અંદર પડી છે. બધી પડી (છે), એક સમયમાં બધી પડેલી છે. એમાં એને આત્મા રાગથી, પુણ્યથી ભિન્ન નિર્વિકલ્પ શુદ્ધ પરમાત્માનું સ્વરૂપ એને પર્યાયમાં પ્રગટ્યું નથી પણ વસ્તુએ આવો છે એમ જેણે શ્રદ્ધા-જ્ઞાનથી, ધ્યાન કરીને નક્કી કર્યું છે એને વર્તમાન દશાની નિર્મળતાના, અપૂર્ણ નિર્મળતાની અપેક્ષાએ એને અંતરાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'बहिरप्पु', 'बहिरप्पु'.** એ બહારમાં આત્મા માનનારો. અંતરમાં ભલે પરમાત્મ શક્તિ, અંતરાત્મ શક્તિ, બહિરાત્મ શક્તિ બધી પડી છે. સમજાણું કાંઈ? પણ જે વર્તમાન અવસ્થામાં બહાર, બહાર, ભગવાન પૂર્ણ શુદ્ધ નિર્મળાનંદ (છે) એ સિવાયના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, દેહાદિની ક્રિયાને પોતાની માનનારો, એમાંથી હિત માનનારો. જેનાથી હિત માને તેને જુદી માની શકે નહિ. તેને બહિરાત્મા કહેવામાં આવે છે.

અહીં એમ ન કહ્યું કે, આટલી ક્રિયા નથી કરતો માટે તે અંતરાત્મા છે. બહારની. અને આટલી ક્રિયા અંદરમાં રાગની કરે માટે બહિરાત્મા છે. એ રાગાદિની ક્રિયા દયા, દાન, વ્રતના પરિણામ જે આસ્રવ તત્ત્વ છે, એ બહિર્ તત્ત્વ છે. એને આત્માના હિત (કરનારા છે એમ) માનનારો બહિરાત્મા છે. સમજાણું કાંઈ?


'**बहिरप्पु**' '**બહિરાત્મા...**' અથવા કોઈપણ કર્મજન્ય ઉપાધિના સંસર્ગમાં આવીને ક્યાંય પણ ઉલ્લસિત વીર્યે, ઉલ્લસિત વીર્યે હોંશ કરવી એ બહિરાત્મા છે. શું કહ્યું? ભગવાનઆત્માને આનંદમૂર્તિના ઉલ્લસિત વીર્યનો આદર છોડી દઈને, બહારના કોઈપણ કર્મજન્ય ઉપાધિભાવ કે સંયોગ કંઈપણ સંસર્ગમાં આવતાં આમાં ઉલ્લસિતપણે અંદર વીર્ય ઉલ્લસિત થઈ જાય... આ...! આ..હા..! એમ પરમાં વિસ્મયતા થાય તેને બહિરાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! અંતરના આનંદથી રાજી ન થયો. એ તો બહારના શુભાશુભ ભાવ અને એના ફળ, એના સંયોગો જે બાહ્ય, આત્માના સ્વભાવથી બહાર વર્તે છે. બહારમાં ખુશી થયો એને જ આત્માપણું માન્યું, એને બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ કહે છે. આહાહા..!

છ ખંડનો રાજા, છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં પડેલો, એને અંતરમાં બાહ્ય ત્યાગ ન દેખાતા છતાં, અંતરના રાગનો વિવેક અને રાગનો ત્યાગ વર્તે છે. રાગનો વિવેક એટલે ભિન્ન અને આત્માની એકતામાં તેનો ત્યાગ વર્તે છે. બહિરાત્માને બાહ્ય ત્યાગ નગ્ન દિગંબર (થયો હોય), મહા અઠ્યાવીસ મૂળગુણ પાળે, ચામડા ઊતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે. અંતરમાં તેને રાગનો અત્યાગ અને રાગની સાથે એકત્વબુદ્ધિ પડી છે એ બહિરાત્મા, બાહ્યબુદ્ધિમાં રાજી થનાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

શરીરની નિરોગતા મને સાધન થશે. શરીરની નિરોગતા મારા આત્માને સાધન થશે. રોગ વખતે મને પ્રતિકૂળતા હતી, હવે શરીરમાં કંઈ નિરોગતા થઈ, કંઈ પૈસા આદિની સગવડતા થઈ, હવે હું નિંરાતે ધર્મધ્યાન કરી શકીશ. હવે શું છે? પણ છોકરા-બોકરા ઠેકાણે પડ્યા હોય તો સરખું રહેવાય, લ્યો! નહિ ત્યાં એની પાસે જાવું પડશે. આહાહા..! આત્મા સિવાય રજકણથી માંડીને બધી જાતની બાહ્ય ઋદ્ધિઓ, એમાં ક્યાંય અનુકૂળતા કલ્પી જવાય અને પ્રતિકૂળતાના સંગમાં ક્યાંય અણગમો એને કારણે થાય, એની બુદ્ધિ બહિરાત્મ છે. બહારમાં રોકાયેલી બુદ્ધિ છે. આહાહા..! એ તો પોતે આચાર્ય કરશે આગળ, હોં! અહીં તો હજી સાધારણ વાત કરે છે.

'**ભ્રાંતિ અથવા શંકારહિત હોકર...**' હવે ત્રણમાંથી ભ્રાંતિ અને શંકારહિત થઈને '**બહિરાત્મપના છોડ દે;...**' એ શુભાશુભભાવથી માંડી આખા જગતની સામગ્રી, એ અનુકૂળ-પ્રતિકૂળતામાં ઉલ્લસિત વીર્યને છોડી દે. આહાહા..! એ હરખના હડકે ચડેલો તારો ભાવ એ બહિરાત્મા છે, કહે છે. અને પ્રતિકૂળ સામગ્રીમાં ખેદે ચડેલો ભાવ એ પણ બહિરાત્મા છે. સમજાણું કાંઈ?

'**ભ્રાંતિ અથવા શંકારહિત હોકર બહિરાત્મપના છોડ દે; અંતરાત્મા હોકર...**' ભગવાનઆત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે, એવી દશાને પ્રાપ્ત કરી, અંતરાત્માની દશાને બહિરાત્માની શ્રદ્ધા-જ્ઞાનથી ત્યાગ કરી, શ્રદ્ધા-જ્ઞાનમાં બહિરાત્મ બુદ્ધિનો ત્યાગ કરી, શ્રદ્ધા-જ્ઞાનમાં અંતરાત્માને ગ્રહણ કરી, પરમાત્માનું ધ્યાન કર. અંતરાત્માનું ધ્યાન નથી કરવાનું રહ્યું પછી. સમજાણું કાંઈ?



## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૩૦૦ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા.૧૩-૭-૧૯૮૩, પ્રવચન નં.૧૪૩ (વિષય : વિધિ)

**દર્શન મોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શન મોહનો અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી. ૩૦૦.**

**'દર્શનમોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શનમોહનો અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી.'** સિદ્ધાંત છે. **'દર્શનમોહ મંદ કર્યા વિના...'** અથવા દર્શનમોહ મંદ થયા વિના **'વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ...'** એટલે ઓળખાણમાં વસ્તુનો સ્વભાવ ઓળખાય નહિ. જ્ઞાનનો ક્ષયોપશમ ગમે તેટલો હોય, પણ દર્શનમોહની મંદતા થયા વિના એ જ્ઞાનની અંદર પોતાના જ સ્વરૂપનો ખ્યાલ આવવો એવું બનતું નથી. ગમે તેટલી ઉઘાડવાળી બુદ્ધિ હોય, વિદ્વતા હોય, બુદ્ધિનો ઉઘાડ ઘણો હોય, વિશાળ બુદ્ધિ દેખાય, તીક્ષ્ણ બુદ્ધિ દેખાય, ઘણી યાદદાસ્તવાળી મતિ હોય, એ મતિજ્ઞાનનો ભેદ છે. સ્મૃતિ છે એ મતિજ્ઞાનનો ભેદ છે. એમ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં લોકોને આકર્ષણ થાય. બાહ્યદૃષ્ટિ જીવોને તો જ્ઞાનીનો ભ્રમ થાય કે ઘણું જ્ઞાન છે અને ઘણા જ્ઞાની છે આ. તોપણ પોતાના જ સ્વરૂપનું પ્રતિભાસવું એ જ્ઞાનની તે ભૂમિકાની નિર્મળતાને આધારિત છે. બુદ્ધિના ઉઘાડના આધારે કે એ જાતના જ્ઞાનના ક્ષયોપશમની શક્તિના વિકાસને કારણે આત્માનો ખ્યાલ આવે એવું બનતું નથી.

રૂપી પદાર્થમાં મોટો વૈજ્ઞાનિક હોય અને મોટી શોધખોળ કરે, વિમાનો બનાવે ને મિસાઈલો બનાવે અને ગમે તેટલું હોય. આ બાજુ શાસ્ત્ર બાજુ વળે તો શાસ્ત્રના અર્થ કરવામાં ક્યાંય ફેર પડે નહિ. એટલી નયજ્ઞાનમાં બધે બુદ્ધિ પહોંચી વળે. છતાં આત્મા ભાસવો એ બીજી વાત છે. એનો નિયમ આ છે. અહીંયાં 'ગુરુદેવ' કહે છે એ છે.

દર્શનમોહ મંદ થયા વિના અથવા કર્યા વિના કહો. એક જ વાત છે. **'વસ્તુનો સ્વભાવ ખ્યાલમાં આવે નહિ...'** વસ્તુનો સ્વભાવ એટલે આત્મવસ્તુ પોતે. પોતાનો સ્વભાવ ખ્યાલમાં આવવો, હોં ! અનુભવ તો હજી આગળની ચીજ છે, પછીની ચીજ છે. પણ પ્રથમ એની ઓળખાણ થવી, એનો નિર્ણય થવો, જેવો સ્વભાવ છે એવો જ ભાવ ભાસવો, એ દર્શનમોહની મંદતા થતાં થાય છે.

આમ તો દર્શનમોહ મંદ થાય છે એના જુદા જુદા તબક્કા છે. એને વિચારીએ તો સામાન્ય રીતે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે જીવ વળે અને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર જે છ અનાયતન છે એ બાજુની માન્યતા છોડે, બુદ્ધિપૂર્વક દેવ-ગુરુ-શાસ્ત્ર, વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એનો વિચાર કરી અને એનો સ્વીકાર કરે, વિચારીને સ્વીકાર કરે તો એને દર્શનમોહ એક તબક્કે મંદ થાય છે. એટલે કે ગૃહીત મિથ્યાદર્શનનો જે તીવ્ર દર્શનમોહ હતો ત્યાં એને ગૃહીત ન રહે. ત્યારપછી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે ત્યારે પણ એને દર્શનમોહ મંદ થાય છે. એ પણ તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં ક્યારે (દર્શનમોહ મંદ થાય)? કે સિદ્ધાંતનું

જાણવું શાસ્ત્ર અનુસાર હોય ત્યારે. કહેવા માગે કાંઈક અને મતિવિપર્યાસને લઈને એને અર્થ ભાસે કાંઈક-વિપરીત, તો ત્યાં હજી દર્શનમોહ મંદ થયો નથી. પણ શાસ્ત્રનું અર્થઘટન બરાબર કરી જાણે ત્યારે પણ એને દર્શનમોહ મંદ થાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ, સ્વભાવથી આત્મા રાગને કરે નહિ. એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ કરી શકે નહિ અને સ્વભાવથી આત્મા રાગને કરે નહિ, રાગથી ધર્મ થાય નહિ, એ વગેરે જે મુખ્ય મુખ્ય સિદ્ધાંતો છે એ એને બુદ્ધિમાં સંમત થાય તો એને મિથ્યાત્વ મંદ થાય છે. પણ આવા બધા પ્રકાર સુધી તો જીવ અનંતવાર આવ્યો છે. આ કોઈ અપૂર્વ વિષય નથી, પૂર્વાનુપૂર્વ છે. અને સામાન્યજન કોઈપણ અહીં સુધી આવી શકે છે.

વળી, ત્યાં આવીને વૈરાગ્યમાં રહે, વૈરાગ્યમાં આવે. એટલે કે પાંચ ઇન્દ્રિયના વિષયોની સુખબુદ્ધિ મંદ થાય ત્યારે પણ દર્શનમોહ વિશેષ મંદ થાય. કેમકે દર્શનમોહનો એક એવો સ્વભાવ છે કે પરવિષયમાં સુખનો એને આભાસ થાય છે, ભ્રમ થાય છે, વ્યામોહ થાય છે. એ પ્રકારની અંદર મંદતા આવે ત્યારે પણ દર્શનમોહ મંદ થાય છે. એ પણ અનંતવાર થઈ ગયું છે. ઉદાસ પણ અનંત વાર થયો, વૈરાગ્ય પણ અનંત વાર થયો.

એ તો લીધું ને 'શ્રીમદ્જી'એ ? 'ત્યાગ વિરાગ અથાગ લહ્યો.' એમાં શાસ્ત્રજ્ઞાન કર્યું એ બધું એમાં લીધું છે. જપ, તપ, શાસ્ત્રજ્ઞાન, ત્યાગ, વૈરાગ્ય બધું લઈ લીધું છે. પણ છતાં દર્શનમોહ જે કોઈ અપૂર્વ પ્રકારે મંદ થાય છે એ તબક્કો સાવ જુદો છે.

એ વિષય વચનામૃતમાં 'બહેનશ્રી'એ વિશેષ ખોલ્યો છે. એટલે 'ગુરુદેવે' જરા વિશેષ મહિમા કર્યો છે. એ વિષય એમણે વધારે (સ્પષ્ટ કર્યો છે કે) કોઈ જીવ ખરેખર આત્મભાવે, ખરી ભાવનાએ તમામ પ્રકારના અનેકવિધ પ્રકારના જે કોઈ બાહ્ય વિષયો છે એમાંથી સુખબુદ્ધિ હટાવીને એક આત્મામાં જ સુખ છે અને આત્મામાં જ સુખની પાછળ એ વિશેષે કરીને એની તીવ્ર ભાવનાથી, અપૂર્વ જિજ્ઞાસાથી, પૂરી લગની અને પૂરા ધગશથી એક ધ્યેય બાંધીને, એક પરિપૂર્ણ થવાનું ધ્યેય બાંધીને, એક ધ્યેય એટલે પરિપૂર્ણ થવાનું ધ્યેય બાંધીને અપ્રમાદપણે-પ્રમાદ કર્યા વિના, સમય ગુમાવ્યા વિના પૂરો આત્માર્થી થઈને જ્યારે એ પોતાના આત્માને પ્રાપ્ત કરવાની તૈયારીવાળો થાય છે, ત્યારે એને દર્શનમોહ યથાર્થ પ્રકારે ઘટે છે કે જ્યારે એને એના જ્ઞાનમાં આત્મસ્વરૂપ અવભાસે. અહીંયાં ખ્યાલમાં આવે (એમ) સાદો શબ્દ લીધો છે. શાસ્ત્રિય પરિભાષામાં એને અવભાસન, પ્રતિભાસન કહે છે.

સ્વરૂપનો નિશ્ચય યથાર્થ કરવાને જ્ઞાન ક્યારે સમર્થ થાય ? અથવા મુમુક્ષુની એવી પાત્રતા અને યોગ્યતા ક્યારે થાય ? આ ઉપર જો લક્ષ હોય તો એને તમામ શાસ્ત્રાર્થ સાર્થક થવો સંભવે છે. નહિતર શાસ્ત્રમાં પારંગત થાય પણ એનો અર્થ કરે નહિ. 'પૂજ્ય બહેનશ્રી'એ ખાસ પાત્રતાનો વિષય જ્યાં લીધો છે ત્યાં તો એ વાત કરી છે કે જેને એક આત્મા જ જોઈએ છે અને આ જગતમાંથી જેને બીજું કાંઈ જોઈતું નથી. આખા જગતમાંથી એને કાંઈ જોઈતું નથી. એક આત્મા જ જોઈએ છે અને એનો સર્વ પ્રયત્ન આત્માનુભવના પાયા ગોતવામાં જ પ્રવર્તે છે, એ જ પાયો ગોતે છે, બીજા ઉપર જેની નજર નથી, એવી પોતાના પ્રયોજનની તીક્ષ્ણ બુદ્ધિ થાય છે. એમાં ઉઘાડની જરૂર નથી. પ્રયોજનમાં તો ઓછામાં ઓછી બુદ્ધિવાળો જીવ તીક્ષ્ણ બુદ્ધિએ પ્રવર્તે છે અને પ્રવર્તી શકે છે. તિર્યંચ પણ પ્રવર્તે છે. એવી સ્થિતિમાં એ પ્રકારે '**દર્શનમોહ મંદ કર્યા વિના...**' આમ લેવું છે. આટલી શરતો છે એની પાછળ. દર્શનમોહ મંદ કરવાની વાત છે ત્યાં આટલી શરતો છે કે એ રીતે યથાર્થ પ્રકારે દર્શનમોહ મંદ કર્યા વિના.

એ 'શ્રીમદ્જી'એ લીધું છે કે નાના પ્રકારના વિભિન્ન પ્રકારના સુખના સ્થાનો છે ત્યાંથી જેને સુખ લેવામાં મુંઝવણ થાય છે. એવો શબ્દ લીધો છે. મુંઝવણ થાય છે.

ત્યારે જીવની મતિ ગુણથી ઉત્પન્ન થતાં સુખ ઉપર જાય છે. એવી ભાષા કરી છે. મુમુક્ષુતાની એવી જ વ્યાખ્યા કરી છે. મુમુક્ષુતા તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુંઝાઈને એક મોક્ષને વિષે જ યત્ન કરવો. જેને પરિપૂર્ણતાનું ધ્યેય છે, મોક્ષ એટલે પરિપૂર્ણતા થવી. એ પ્રયત્ન કેવી રીતે કરે છે ? કે સર્વ પ્રકારની મોહાસક્તિના પરિણામ એને જે જે પ્રકારે થાય છે, એમાં એને મુંઝવણ થાય છે. જેમ કોઈને નાક દાબે ને મુંઝવણ થાય એમ એ મુંઝવણમાં આવે છે. ત્યારે એને મુમુક્ષુતા થાય છે, ત્યારે એને દર્શનમોહ મંદ પડે છે, ત્યારે એને આત્મસ્વભાવ ખ્યાલમાં આવે છે. ત્યાં સુધી એને ખ્યાલ પડતો નથી કે મારું સ્વરૂપ કેવું છે ? એ વિષય એમણે આગળ એક જગ્યાએ લીધો છે. એ પણ બહુ સારા શબ્દોમાં લીધો છે.

૨૩મા વર્ષમાં છે. '**નાના પ્રકારનો મોહ પાતળો પડવાથી.**' સાદી ભાષામાં. એ દર્શનમોહ મંદ થયો. અન્ય પદાર્થ જ્ઞાનમાં આવતા જ એક વ્યામોહ થાય છે કે આ ઠીક છે, આ મને હો. આ અઠીક છે અને આ મને ન હો. અસ્તિ-નાસ્તિથી એના બેય પ્રકાર છ. એ પ્રકાર જેનો મંદ થઈ જાય છે. કોઈ પદાર્થ ઠીક-અઠીક હોવાપણે છે નહિ અને આ આત્માને કોઈ પદાર્થ સાથે કાંઈ સંબંધ છે નહિ, થઈ શકતો નથી. બસ. ત્યારે આત્માની દૃષ્ટિ પોતાના ગુણથી ઉત્પન્ન થતાં સુખમાં જાય છે. પરપદાર્થના નિમિત્તે ઉત્પન્ન થતાં સુખમાં દૃષ્ટિ છે ત્યાં સુધી તીવ્ર દર્શનમોહ છે. ત્યાં સુધી એને આત્મા ભાસતો નથી.

આ વિષય આમણે 'શ્રીમદ્જી'એ પણ જુદી જુદી જગ્યાએ શૈલી ફેરવી ફેરવીને લીધો છે. કથનની શૈલી ફેરવી છે. એ ૨૫મા વર્ષમાં (પત્ર-૩૩૧) છે કે '**ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ...**' ક્યાંય પણ એને ઠીકપણું ભાસે છે ત્યારે એ પોતાના આત્મા કરતા તે પ્રસંગને વધારે અધિકાઈ આપે છે. એની મહિમા આવી એનો અર્થ જ એ છે કે તારા કરતા એ અધિક થયું ત્યારે (મહિમા આવી છે). સર્વ ઉદયમાં એ ઉદયને અધિકાઈ આપે છે ત્યાં સુધી એને જ્ઞાનસ્વભાવ અધિકપણે આવ્યો નથી. એ પરિસ્થિતિ છે. એવા સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે. આ વ્હાલાપણું. મીઠાશ વર્તે છે... શૈલી જુદી જુદી કરે છે. '**ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે.**' (અહીંયાં એમ કહ્યું), '**વસ્તુ સ્વભાવ ખ્યાલમાં આવે નહિ...**' ત્યાં સુધી એને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે. કેમકે અહીંયાં એને સુખ લાગ્યું તો અહીંયાં સુખ છે એ વાત એને ભાસી નથી. આ સીધી વાત છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ ભાસ્યું અથવા જે કષાયની મંદતા અને શાતાના પરિણામ છે ત્યાં એને સુખ ભાસ્યું, ત્યાં એને આત્મામાં સુખ છે એ વાત ભાસવી કઠણ છે, અસંભવિત છે અને એ બની શકતું નથી.

'**ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે...**' એટલું જ નહિ, એથી વધારે એક પગલું અહીંયાં લખ્યું છે કે સ્વ અપેક્ષાએ એને સ્વસ્વરૂપ ભાસવું અસંભવિત છે અને પર અપેક્ષાએ એને '**સત્સંગનું મહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે.**' આમ લીધું.

મુમુક્ષુ :- સ્વ-પર બેય લઈ લીધા.

પૂજ્ય ભાઈશ્રી :- બેય લઈ લીધા. આત્મા ભાસવાનું જે પ્રકૃષ્ટ-ઉત્કૃષ્ટ નિમિત્ત સત્સંગ છે એનું મહાત્મ્ય પણ એને ભાસ્યું નથી. એ એને ભાસવું અસંભવિત છે એમ લઈ લીધું. આવી વાત છે. એટલે એ જ્ઞાનીના સમાગમને પ્રાયોરિટી નહિ આપી શકે.

પહેલા એને સુખનું કારણ છે એની પ્રધાનતા, એમાંથી વખત મળે અને એમાંથી વૃત્તિની નવરાશ કાંઈક થાય તો ત્યાં જાય, નહિતર પછી કાંઈ નહિ. પહેલું આ અને પછી બીજું બધું. એટલે પહેલો એનો સંસાર અને પછી બીજો મોક્ષ. એમ થઈ ગયું. કોઈ કાળે એમાંથી

નીકળવાનો અવસર આવતો નથી.

**'જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને...'** એટલે મોક્ષના માર્ગને વિષે એ વહાલપ પ્રાપ્ત ન થાય **'ત્યાં સુધી ખચિત કરીને...'** ખચિત એટલે ચોક્કસપણે, અવશ્યપણે. **'અપ્રમત્તપણે...'** પ્રમાદ લાવ્યા વિના. જ્યાં સુધી આ જીવને સંસારના સંયોગ વિયોગમાં મુખ્યતા વર્તે છે ત્યાં સુધી પ્રમાદ કર્યા વિના વારંવાર પુરુષાર્થનો સ્વીકાર કરવો યોગ્ય છે. તને પુરુષાર્થ કરવો... પુરુષાર્થ કરવો, એમ પુરુષાર્થ કરવાનું જોર આવે છે તો આ જગ્યાએ તું એને એપ્લાય કર. એક બહુ સારી અપેક્ષા અહીંયાં બતાવી છે કે અકૃત્રિમ સહજ પુરુષાર્થમાં તારા પુરુષાર્થનું પરિણમન આવ્યું નથી, એ સ્ટેજ અને એ તબક્કામાં તારો પુરુષાર્થ શરૂ થયો નથી, એ તબક્કામાં તારો પ્રવેશ થયો નથી, તો પુરુષાર્થ કરવો છે ને તારે ? તો આ જગ્યાએ તું એ પુરુષાર્થ કરવાના વિષયને લાગુ કર કે જ્યાં સુધી મને અન્ય પ્રસંગોની મુખ્યતા વર્તે છે ત્યાં સુધી મારે પ્રમાદ કર્યા વિના, સમય ગુમાવ્યા વિના, વેડફ્યા વિના આ સ્થાનમાં પુરુષાર્થ કરવો ઘટે છે એટલે કે આ મારી વહાલપ મારે તોડવી ઘટે છે.

**'આ વાત ત્રણે કાળને વિષે અવિસંવાદ જાણી નિષ્કામપણે લખી છે.'** તમારી પાસેથી કોઈ અપેક્ષા રાખીને લખી નથી. પત્ર તો ગમે તેને લખ્યો હશે. ૩૩૧ નંબરનો પત્ર છે. પણ આમાં કોઈ વિવાદની જગ્યા નથી, વિસંવાદની જગ્યા નથી અને લખવા પાછળ પરમાર્થ સિવાય કોઈ ખાસ પ્રયોજન રહ્યું નથી. એ બધાં બોલ દર્શનમોહના વિષયમાં જાય છે.

**'દર્શનમોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ...'** મુમુક્ષુતાની ભૂમિકાનો આ સિદ્ધાંત છે, આ નિયમ છે. એટલે ઘણી કાળજી અને ઘણી સાવધાનીથી અંદરમાં પોતાનામાં આ વિષયને એણે જાગૃત થઈને ટાળવો ઘટે છે. આટલી વાત છે. નહિતર ક્યારેય પણ વસ્તુનો સ્વભાવ ખ્યાલમાં આવે નહિ. ભલે શાસ્ત્ર વાંચી વાંચીને આખી જીંદગી સુકાઈ જાય, એટલા શાસ્ત્ર વાંચે કે શરીરનો ખ્યાલ રાખે નહિ, પણ દર્શનમોહ અંદરમાં મંદ થવો જોઈએ. આટલી વાત છે.

મુમુક્ષુ :- મોહ મંદ કરવા માટે પ્રથમ શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- મોહ મંદ કરવાનો આ વિષય લીધો ને કે એને આત્મપ્રાપ્તિની જે ભાવના છે, પૂર્ણતાનું જે ધ્યેય છે, એની પાછળની જે ધગશ છે, 'બહેનશ્રી'ના શબ્દોમાં લઈએ તો એ છે (કે) આંતરડીમાંથી એની ભાવના ઊભી થવી જોઈએ. અથવા જ્યાં સુધી એને આત્માનો નિર્ણય ન થાય... આગળ બોલ આવી ગયા છે, જ્યાં સુધી એને નિશ્ચય ન થાય, આત્મા ખ્યાલમાં ન આવે, ભાસે નહિ ત્યાં સુધી જેમ કોઈ માથે વાઘ, સિંહ, સર્પ ઘરમાં ફરતા હોય અને ઊંઘ આવે નહિ એમ એની બેચેની થઈ જવી જોઈએ. આ બધા એના લક્ષણ બતાવ્યા છે. કેટલો અજંપો થાય, ભાવના હોય તો એની લગની કેટલી જોરદાર કામ કરે. નાસ્તિથી એના વિષય એ બતાવ્યા કે એને ક્યાંય સુખચેન પડે નહિ. એ વાત લીધી છે આગળ. અજંપાનો બોલ છે ને ?

મુમુક્ષુ : ૧૯૦મો. સિંહ ચારે કોર ફરતા હોય ને ઉંઘ ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તત્ત્વનિર્ણય પૂર્વેના અજંપાની સ્થિતિ. ૧૯૦ જ છે. બરાબર છે. કો'ક કો'ક બોલ ઉપર યાદી કરી છે. ૧૯૦ બરાબર છે. પાનું છે-૫૬.

**'સિંહ ચારેકોર ફરતાં હોય ને જેમ ઊંઘ ન આવે,...'** કાળો નાગ ઘરમાં બેઠો હોય ફેંણ કાઢીને ફુંફાડા મારતો હોય અને ઊંઘ આવે નહિ. આ મિથ્યાત્વનો કાળો નાગ છે અંદરમાં. એમ ઉંઘ ન આવે. આ વાસ્તવિક પરિસ્થિતિ છે. આ કોઈ મીઠું-મરચું ભભરાવીને અતિશયોક્તિ કરીને જ્ઞાનીઓએ ગપ્પા માર્યા છે એમ માનવા જેવું નથી. એમની આ સ્થિતિ થઈ છે નિર્ણય

કરવા પહેલા. એકવાર એમની ઊંઘ ઊડી ગઈ છે. એ નિર્ણય પાછળ જે મથામણ છે, જે મંથન છે એમાં એકવાર ઊંઘ ઊડી જાય છે.

અહીંયાં પણ સંસારમાં થોડી મુશ્કેલી આવે તો એની ઊંઘ ઊડે છે કે નહિ ? થોડી ઉપાધિ વધી જાય ત્યારે ભાઈસાહેબને સવા મણની તળાઈમાં પણ પડખાં ઘસતા ઊંઘ આવતી નથી. પંખો ફરતો હોય, એર કંડીશન ચાલતું હોય છતાં એને ક્યાંય ઊંઘ આવે નહિ. કેમકે ઊંઘ એમાંથી નથી આવતી. ન તો પલંગના ગાદલામાંથી ઊંઘ આવે છે કે ન તો પંખો કે એર કંડીશનમાંથી ઊંઘ આવે છે. ઊંઘ ત્યાંથી આવે છે ? પણ એને એમ થાય છે કે આ બધું સરખું હોય તો મને ઊંઘ આવે. જાણે એમાંથી ન આવતી હોય. એવો એને ભ્રમ થાય છે.

એમ '**તત્ત્વ નિર્ણય ન કરે ત્યાં સુધી એને સુખેથી ઊંઘ ન આવે.**' એને ચેનથી ઊંઘ ન આવે. એ એની પરિસ્થિતિ થાય છે. એના પરમાત્માનો વિયોગ હોય તો એ વિયોગ એનાથી સહન ન થાય. અહીંયાં સંસારમાં પણ વિયોગ સહન કરતા નથી. ઘણાં મરી જાય છે કે નહિ ? પતિનું મરણ થાય અને પત્નીના પ્રાણ ઊડી જાય, પત્નીનું મરણ થાય અને પતિના પ્રાણ ઊડી જાય. આટલી તો હજી સંસારમાં દાંપત્યમાં પરિસ્થિતિ ઊભી થાય છે. સંયોગિક ચીજમાં. અને અહીંયાં પરમાત્મા અંદરમાં બિરાજમાન છે, એને નજીક છે તોપણ પડદો આડો છે, મિથ્યાત્વનો પડદો દર્શન થવા દેતો નથી તો એને રડવું પણ આવતું નથી, રોતો પણ નથી. ઠીક ! મરે તો ક્યાંથી ?

કહે છે કે એ તારું મિથ્યાત્વ એમ ને એમ ગળશે નહિ. આ મિથ્યાત્વ મંદ થવું કહો કે મિથ્યાત્વનું ગળવું કહો. યથાર્થ પ્રકારે આ રીતે મિથ્યાત્વ ગળ્યા વિના કોઈ રીતે એને અંદરમાં ભાસે નહિ. અને ભાસે તો એના જ્ઞાનમાં એ શક્તિ આવે છે. એ ૨૩૬માં લીધું છે. આ તો ભૂલી જવાય ને, વાંચ્યું હોય એ પાછું ભૂલી જવાય. ફરીને ફેરવવાનું થાય.

મુમુક્ષુ :- પાનું-૬૩.

પૂજ્ય ભાઈશ્રી :- પાનું-૬૩. નીચે.

'**જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે...**' અહીંયાં ભાવભાસન શબ્દ વાપર્યો છે, ઓળખાણ કહો કે ભાવભાસન કહો. '**તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે...**' ઉઘાડની વાત નથી આ. આત્માના સ્વભાવને ગ્રહણ કરવાનું જે સામર્થ્ય, અનુભવ બાજુ પહોંચવાનું, અનુભવ પ્રત્યે આગળ વધવાનું જે સામર્થ્ય, એ ભાવભાસન સમજણમાં વધે છે ત્યારે આવે છે, ત્યારે વધે છે. અને એ વધતાં જતા જ્ઞાન સામર્થ્ય વડે મોહ એટલે અહીંયાં દર્શનમોહ શિથિલ થાય છે, દર્શનમોહ મંદ થાય છે, દર્શનમોહ ગળવા લાગે છે.

ત્યારે '**જ્ઞાન જ્યાં સમ્યક્પણે પરિણમે છે, ત્યાં મોહનો સમૂહ નાશ પામે છે.**' અને ત્યારે એને જ્ઞાનથી આત્મા અનુભવમાં આવે છે. અહીંયાં જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી એ વાત સમજાવવી છે. જ્ઞાનની પ્રમુખતાથી એ વાત લેવી છે. પણ મોહને અને અનુભવને આ સંબંધ છે કે મોહ મંદ થાય, ગળે તો એને દર્શનમોહ ટળે અને દર્શનમોહનો નાશ થાય તો અનુભવ થાય. ક્યારેય દર્શનમોહ રહે અને અનુભવ થાય એવું બનતું નથી. વાત બે લીટીની લખી છે પણ અંદર કસ છે. જ્ઞાનગોષ્ઠીમાંથી લાગે છે.

મુમુક્ષુ :- .. માં એવું છે, ચેન ન પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં જરૂરતનો વિષય છે. પાછળ પડવું જોઈએ. જેમ કોઈ નથી કહેતા? કે ભાઈ, આ તો ખાઈ-પીને પાછળ પડી ગયો છે. ખાઈ-પીને એટલે ભૂખ્યા પેટે શક્તિ ન હોય, આ પૂરી શક્તિથી પાછળ પડી ગયો છે. એ અનુસંધાનમાં જ બોલ છે.

'**દર્શનમોહનો અભાવ કર્યા વિના...**' નાશ થયા વિના. મંદ થવો બીજી વાત છે, અભાવ થવો બીજી વાત છે. આખું સ્ટેજ બદલાઈ ગયું એ. નવો તબક્કો શરૂ થયો.

એ સમ્યગ્જ્ઞાનનો ત્યાં પ્રારંભ થયો, દર્શનમોહનો ત્યાં નાશ થયો, સમ્યગ્દર્શન ત્યાં પ્રગટ થઈ ગયું. એ '**વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી.**' નિરાવરણ જ્ઞાન છે..

મુમુક્ષુ :- ખ્યાલમાં આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે આત્મા ભાવ ભાસે... એટલે તો ૨૩૬મો બોલ લીધો. ત્યારે એના જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે. જ્ઞાનની શક્તિ શું ? કે સ્વપરગ્રાહક જ્ઞાનની શક્તિ છે. જાણવાને અહીંયાં ગ્રહવું એમ કહે છે. સ્વપરગ્રાહક જે જ્ઞાનની શક્તિ છે એમાં પરને તો એ ગ્રહે છે પણ સ્વને ગ્રહણ કરતો નથી. સ્વને છોડીને પરને ગ્રહણ કરે છે એ એકાંત છે, તે મિથ્યાત્વ છે, તે અસમ્યક્ છે. એમ લેવું છે.

જ્યારે એ દર્શનમોહ મંદ થાય અને મોહના અભાવસ્વભાવે રહેલું જે પોતાનું આત્મતત્ત્વ, સ્વ તત્ત્વ, એનો એને ખ્યાલ આવે છે કે હું આત્મા નિર્મોહી તત્ત્વ છું. પરિપૂર્ણ શુદ્ધ નિર્વિકાર તત્ત્વ છું એવો એને પોતાનો ખ્યાલ આવે છે, પોતાનો ભાવ ભાસે છે. એ દર્શનમોહના સદ્ભાવમાં ભાસે છે. દર્શનમોહના મંદતાના સદ્ભાવમાં ભાસે છે. ત્યારે ત્યાં હજી એને અભાવ થયો નથી. એને મંદ થાય. ત્યારે એની જ્ઞાન શક્તિ છે એ આત્માને ગ્રહવા, ત્યારે એની જ્ઞાનશક્તિ તૈયાર થાય છે.

જ્ઞાનમાં શક્તિ ક્યારે આવે ? કોઈપણ એક કાર્ય કરવું હોય તો એ કાર્ય કરવાની કાર્યક્ષમતા આવશ્યક છે, અપેક્ષિત છે. એ તો બરાબર છે ને ? તો કહે છે કે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને દર્શનમોહ એટલો પ્રચુર છે કે એના જ્ઞાનમાં અનેક પ્રકારે ગુણ-દોષનો વિચાર કરવાની સામાન્ય શક્તિ હોવા છતાં અને એ ગુણ-દોષનો વિચાર, એનું સાહિત્ય અને એનું વિજ્ઞાન છે જેમાં એવા સત્શાસ્ત્રો, એની સાથે એનું જ્ઞાન, એની બુદ્ધિ લાગી શકતી હોવા છતાં યથાર્થ પ્રકારે દર્શનમોહ જો મંદ ન થાય તો એ જ્ઞાનમાં સ્વરૂપને ગ્રહવાનું સામર્થ્ય આવતું નથી.

(એ જ્ઞાન સામર્થ્ય વધતાં વધતાં) મોહને ટાળે છે. એ ૨૩૬માં લીધું. એ વધતા વધતાં મોહને ટાળે છે. રાગ કરતા કરતા, કોઈપણ પ્રકારનો રાગ કરતા કરતા વીતરાગતા નહિ થાય. પણ આવું જ્ઞાન સામર્થ્ય પ્રગટ થશે તો એ જ્ઞાન વધતાં વધતાં, જ્ઞાનનું સામર્થ્ય વધતાં વધતાં એને અનુભવ સુધી પહોંચાશે કે જેમાં દર્શનમોહ ટળી જશે, નાશ થઈ જશે.

એટલે કોઈપણ જીવને દર્શનમોહનો અભાવ થયા વિના, કર્યા વિના કહો કે થયા વિના (કહો), '**આત્મા અનુભવમાં આવે તેવો નથી.**' મોહના અભાવસ્વભાવે રહેલો આત્મા, દર્શનમોહના સદ્ભાવમાં ક્યારે પણ અનુભવગોચર થતો નથી. પછી જે મોહ રહ્યો તે ચારિત્રની અસ્થિરતાનો રહ્યો. એ તો પછી શક્તિ વિનાનો છે. પછી જેટલો વિભાવ છે એ શક્તિહીન, હીનસત્ત્વ થઈ ગયેલો છે. એને ટળતા વાર લાગશે નહિ. મૂળ જેનું બળી ગયું, એના પાંદડા નિયમથી સૂકાઈ જવાના. એને પાણી છાંટી છાંટીને લીલા રાખે તોપણ રહે નહિ. ઉપરથી પાણી છાંટ્યા જ કરે. અરે..! મૂળમાં પાણી નાખ્યા કરે. પણ મૂળ જ બળી ગયું પછી એ પાણીને ખેંચવા સમર્થ થતું નથી. આ સ્થિતિ છે.

મુમુક્ષુ :- મોહની બે સ્ટેજની વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બે સ્ટેજની વાત છે. મોહની બે તબક્કાની વાત છે. મંદ થવું અને અભાવ થવો. આ બે વસ્તુ બનવી જોઈએ. નાસ્તિથી. અસ્તિથી એક તબક્કે એના જ્ઞાનમાં સ્વભાવ ભાસવો જોઈએ અને બીજા તબક્કે એના જ્ઞાનમાં પ્રત્યક્ષ અતીન્દ્રિય સ્વાનુભવ થવો જોઈએ. આનંદનો સ્વાદ આવવો જોઈએ. આત્માનો સ્વાદ કહો કે આનંદનો સ્વાદ કહો, એ એનો અનુભવ છે.

મુમુક્ષુ :- જ્ઞાનપ્રાપ્તિ માટે પહેલો પુરુષાર્થ દર્શનમોહ મંદ કરવાનો...

પૂજ્ય ભાઈશ્રી :- બેય એકસાથે જ છે. અંધારું ટળવું અને અજવાળુ થવું. અશાતાનું મટવું અને શાતાનું થવું એક જ સાથે-સેમયસટેન્યસ છે. કહેવામાં કથનમાં

દર્શનમોહમાં ઊભો છે એટલે ત્યાંથી કહેવામાં આવે છે કે આને તું ટાળ. એકસાથે જ છે એ તો. આ બાજુ આ મંદ થાય. આ જ્ઞાનનું સામર્થ્ય ઊભું થાય. જ્ઞાનનું સામર્થ્ય ઊભું થાય અને આ મંદ થાય. પહેલા પછી. બીજ પહેલા કે વૃક્ષ પહેલા ? એવું છે એ તો. બેય એકસાથે જ છે.

મુમુક્ષુ :- જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ સંજ્ઞી પંચેન્દ્રિય જીવને પર્યાપ્ત છે. ચારેય ગતિના.. ત્રણ ગતિમાં તો સંજ્ઞી છે જ. મનુષ્ય, દેવ અને નારકી તો મનવાળા છે જ. આપણે સંમુર્છન મનુષ્યને ગૌણ કરીએ છીએ. એ મન વિનાના છે. અને તિર્યંચની અંદર જે મનસહિતના છે એ ચારેય ગતિના સંજ્ઞી પ્રાણીઓને જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ પર્યાપ્ત છે. પોતાના સુખદુઃખના વિષયમાં એના પ્રયોજનવાળું જ્ઞાન, જ્યાં એણે કલ્પિતપણે ભલે સુખદુઃખ માન્યું છે ત્યાં બરાબર એનું જ્ઞાન કામ કરે છે. પર્યાપ્ત રીતે કામ કરે છે. પણ છતાં અહીંયાં એને જ્યાં સુધી પોતાનું હિત જે હદે એની ભાવનામાં વસવું જોઈએ, એની લગનીમાં, એની ધગશમાં આવવું જોઈએ એ હદે ન આવે ત્યાં સુધી એને દર્શનમોહ મંદ થતો નથી. દર્શનમોહ મંદ થતો નથી ત્યાં સુધી એનું જ્ઞાન આત્માને ઓળખવા કાર્યક્ષમ થતું નથી. બસ. આટલી વાત છે.

ભૂમિકાના જ્ઞાનની નિર્મળતા એટલે કે યોગ્યતા- જ્ઞાન પ્રાપ્તિની યોગ્યતા. બીજા શબ્દોમાં એને એમ કહી શકાય કે જ્ઞાન પ્રાપ્તિની યોગ્યતા કેવી હોય ? અને ક્યારે એને ગણવી જોઈએ ? હોવી જોઈએ ? એના ઉપર એનું જો લક્ષ જ ન હોય તો એ જે કાંઈ કરશે એ લક્ષ વિનાના બાણની જેમ બધું કાર્ય ઠપકારે રાખશે. શાસ્ત્ર પણ વાંચ્યા કરશે અને બધું કર્યા કરશે. કેમકે યોગ્યતા છે એ જ્ઞાન પ્રાતિનું સ્થાન છે. હવે સ્થાનની જ ખબર નથી અને એ બાજુ જ લક્ષ નથી અને એનો કાંઈ વિચાર નથી તો એ એમ માનશે કે આ કરું છું ને એટલે મારી યોગ્યતા છે, હું આ કાર્ય કરું છું ને એટલા મારી યોગ્યતા છે. બુદ્ધિવાળો એમ વિચારશે કે આટલી બુદ્ધિ શાસ્ત્રમાં દોડાવું છું માટે મારી યોગ્યતા છે. પૈસાવાળો એમ વિચારશે કે આટલું દાન દઉં છું એટલે મારી યોગ્યતા છે. શરીર શક્તિવાળો એમ વિચાર કરશે કે આટલું તપ કરું છું એટલે મારી યોગ્યતા છે. એમ તન, મન અને ધન, ત્રણ લગાવે છે ને? બસ, આમાં તો તન, મન, ધન લગાવો એટલે યોગ્યતા થઈ ગઈ. પણ એ તન-મન-ધન તારા છે નહિ. પહેલા તો એ નક્કી કર. યોગ્યતામાં એ વાત છે કે એ શરીર પણ તારું નથી, એ ધન પણ તારું નથી અને એ મન પણ તારું નથી. બીજી વાત છે આખી. એમ એને દર્શનમોહ મંદ કરવા બાજુ જાવું જોઈએ. અને એમાં તો એની મુમુક્ષુતા, એની જાગૃતિ, એની ભાવના અને મરીને પણ ધ્યેયને વળગી રહેવાની ધગશ, લગની, એ એને ઉત્પન્ન થયા વિના દર્શનમોહ મંદ થાય નહિ અને એના ઉઘાડમાં જે નિર્મળતા આવવી જોઈએ એ આવે નહિ. કેમકે એ જ મળ છે. એના જ્ઞાનનો મળ શું છે એમ વિચારવામાં આવે તો એ દર્શનમોહ છે એ જ એના જ્ઞાનનો મળ છે.

'શ્રીમદ્જી'એ એક જગ્યાએ બહુ સારી વાત લીધી છે. મળ અને વિક્ષેપ. મુમુક્ષુને આત્મકાર્યમાં અથવા મોક્ષમાર્ગમાં પ્રવેશ નહિ (થવા) દેવામાં બે એને અડચણ છે, આડખીલી છે. શું ? કે મળ અને વિક્ષેપ. મુમુક્ષુતા યથાર્થ આવે તો એનો મળ મટે અને સત્પુરુષ પ્રત્યે ભક્તિ થાય તો એનો વિક્ષેપ મટે. એમણે બે વાત લીધી છે. બે વાત સાથે લીધી છે. નિમિત્ત-ઉપાદાનથી વાત લેવી છે ને એટલે એ વાત લીધી છે ત્યાં. અને એ વાત એમ જ છે.

જ્યાં સુધી પરિણામમાં એક વિક્ષેપ ઊભો થાય છે.. માણસ નથી કહેતા ? કે આ કામ કરવામાં આ એક વિક્ષેપ છે. આ વિક્ષેપ ન હોય તો આ કામ થઈ જાય. આડખીલી જેને કહેવામાં આવે છે. એમ અંદરનું જે સત્ છે એના માટે ભાવના હોવી ઘટે છે અને બહારનું જે સત્ છે એના માટે પણ એની અર્પણતા અને એના પ્રત્યે પણ એનો જે સદ્ભાવ છે એ હોવો ઘટે છે. કેમકે જો તને સ્થુળ

વિષયમાં, બહારનો વિષય અંદર કરતા સ્થુળ છે, કેમકે એમને જ્ઞાન પ્રગટ છે. આ તો અવ્યક્ત છે અથવા શક્તિરૂપ છે અને આ વ્યક્તિરૂપ છે. વ્યક્તિની તને ઓળખાણ ન થાય, સ્થુળ વિષય પ્રત્યે પણ તને એ સત્ છે એમ જાણવામાં ન આવે, અંતર સત્‌ને ઓળખવાનો કોઈ ક્લાસ રહેતો નથી, કોઈ અવકાશ રહેતો નથી, કોઈ પરિસ્થિતિ એની હોતી નથી. આ પરિસ્થિતિ છે. એટલે એને વિક્ષેપમાં નાખ્યું. ઘણી વ્યવસ્થિત વાતો કરી છે. 'શ્રીમદ્‌જી'એ એવી ઘણી વ્યવસ્થિત વાતો કરી છે.

આપણે એક સંકલન ચાલે છે, વ્યવસ્થિત પદ્ધતિસર આખું. 'શ્રીમદ્‌જી'માંથી છે, 'બહેનશ્રી'માંથી લીધું છે, 'પરમાગમસાર'માંથી લીધું છે. બધો વિષય એક જગ્યાએ સંકલિત કરીને વ્યવસ્થિત (રીતે મૂકવો છે). આ છુટક છુટક છે. આ વાંચીએ તો આગલું ભૂલી જાય. ૩૦૦ વાંચે અને ૨૩૬મો ભૂલે અને ૧૯૦મો ખ્યાલમાં ન રહે. આ એકધારો એક વિષય સંકલન કરીએ છીએ. એ ૩૦૦ (બોલ પૂરો) થયો.

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૮૩મા જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

**મુમુક્ષુજીવોના પરમ તારણહાર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની આગામી ૮૩મી જન્મ જયંતી માગશર સુદ-૩, તા. ૧૪-૧૨-૧૫ થી માગશર સુદ-૮, તા. ૧૮-૧૨-૧૫ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૧૭-૧૨-૧૫ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે.**

**આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.**

**કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨-બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧**

**સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧**

## નવીન પ્રકાશન

**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો 'અનુભવપ્રકાશના કિરણો' ભાગ-૪ આગામી પર્યુષણ પ્રસંગે, ભાગ-૫ તથા ૬ દિપાવલી પ્રસંગે તથા ભાગ-૭-૮ પૂજ્ય ભાઈશ્રીની જન્મ જયંતિ પ્રસંગે પ્રકાશિત કરવામાં આવશે.**

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (સપ્ટેમ્બર-૨૦૧૫)નું શુલ્ક<br>શ્રી ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદ વોરા પરિવાર, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે,<br>જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

**'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ગ્રંથમાંથી વચનામૃતો**

છે. એવું સાંભળતાં અજ્ઞાની ત્યાં ચોંટી જાય છે. અસંગની વાત છોડી દીધી, ગુણહીનનો સંગ છોડીને ગુણવાનનો સંગ કર્યો, પણ અસંગતા રહી ગઈ ! (અસંગતાનો અભિપ્રાય રાખીને જ સત્સંગમાં રહેવા યોગ્ય છે.) (૧૦૬)

❀

શાસ્ત્ર બધાં વાંચી જાય પરંતુ અનુભવ વિના તેનો ભાવ ખ્યાલમાં આવે નહિ. બધી અપેક્ષા તો જાણી લે, પરંતુ તેમાં જ (જાણપણામાં જ) ફસાઈ જાય છે. (૧૦૯)

❀

આખરમાં ગમે તેટલું સાંભળો પણ સુખ તો અહીંથી (અંતરમાંથી) જ શરૂ થાય છે. (સાંભળતાં જ પ્રયાસ શરૂ થાય, તે પાત્રતાનું લક્ષણ છે). આ થોડું સાંભળી તો લઉં, તેમાં શું નુકશાન છે ? પછી અંદરમાં જઈશ, (આ પ્રકારનાં પરિણામમાં સ્વભાવની અરુચી છે). તે વાત ઠીક નથી. વળી એક સમયની જ્ઞાનપર્યાયમાં વિચાર કરી કરીને પણ શું મળશે ? ત્રિકાળીની તરફ જોર દેવાથી જ ક્ષણિક પર્યાયની એકતા છૂટીને સુખ મળશે. (૧૨૪)

❀

જ્યારે મુનિઓ પોતાને માટે, શાસ્ત્રમાં રમતી બુદ્ધિને વ્યભિચાર માને છે, તો નીચેવાળાની તો વ્યભિચારી બુદ્ધિ છે જ. તેમાં (અજ્ઞાની) જીવ એમ લે છે કે મુનિઓ તો પોતાને માટે વ્યભિચારી માને તે ઠીક છે પણ આપણે તો થોડી શક્તિવાળા છીએ, આપણે તો શાસ્ત્ર આદિનું અવલંબન જ જોઈએ એમ બહાનું લઈને ત્યાં સંતોષ માનીને અટકી જાય છે. પહેલામાં પહેલું તો ત્રિકાળીમાં પ્રસરી જવાનું છે. તે જ સર્વ પ્રથમ કરવાનું છે. (શાસ્ત્રમાં ઉપયોગ લગાવતી વખતે પણ આ અભિપ્રાય હોવો જોઈએ. શાસ્ત્રનું અવલંબન લેવાનો અભિપ્રાય તો નહીં હોવો જોઈએ.) (૧૩૦)

❀

થોડુ આ તો કરી લઉં, આ તો જાણી લઉં, સાંભળી તો લઉં તે બધા અટકવાના રસ્તા છે. (પોતાના) અસંખ્ય પ્રદેશમાં પ્રસરીને પૂરેપૂરા વ્યાપક થઈને સ્થિર રહો ને ! સુખશાંતિ વધતી જશે. વિકલ્પાદિ તૂટતા જશે. (૧૪૦)

❀

દેવ, ગુરુ, શાસ્ત્ર, શ્રવણ, વિચાર, વાંચન, મનન, ઉઘાડ, અને એક સમયની પૂર્વ – ઉત્તર પર્યાય, જે જે સાધનરૂપ કહેવામાં આવે છે, તે બધું (નિશ્ચયથી) બાધકરૂપ છે, એમ ન માને ત્યાં સુધી તો ત્રિકાળીમાં આવી શકાય નહિ. વળી ઉપર ઉપરથી બાધકરૂપ કહે અને અંદરમાં સાધનરૂપ માનતા રહે, તો ત્યાં જ ઝુકાવ રહ્યા કરશે, ત્રિકાળીમાં આવી શકશે નહિ. (૧૪૭)

❀

પહેલાં તો આ વાત નક્કી કરી લ્યો કે સાંભળવાથી જ્ઞાન થતું નથી, સામાન્યથી (સામાન્ય સ્વભાવના આશ્રયથી) જ્ઞાન થશે, પછી સાંભળવાનો વિકલ્પ ઉઠે તોપણ તેમાં ખેદ થવો જોઈએ. હું તો વર્તમાનમાં જ પરિપૂર્ણ છું – વર્તમાનથી જ મારે કંઈ કરવું નથી. પરિણામમાં પુરુષાર્થ સહજ થાય છે. કરું, કરું એ તો આકુળતા છે– બોજો છે. (૧૪૮)


❀

પ્રશ્ન – અધિક ગુણીનું બહુમાન કરવું કે નહિ ?

ઉત્તર – અભિપ્રાય તો બીજાનું બહુમાન કરવાનો હોય જ નહિ અને ખેંચાણના કારણે બહુમાન આવી જાય તો તેને દીનતા માનવી જોઈએ. તેનો ખેદ હોવો જોઈએ. (૧૫૩)

❀

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



**પ્રશ્ન :–** જ્ઞાનીને તો દરેક કાર્યમાં સહજ ધારા રહે છે; પણ અજ્ઞાનીએ શું કરવું ?

**સમાધાન :–** અજ્ઞાનીએ એવી ભાવના રાખવી કે આ હું નિરાળું તત્ત્વ છું, રાગમાં જોડાવું તે મારું સ્વરૂપ નથી. ભગવાન મને તારી દેશે એમ તે કહે, પણ સાથે જાણે કે ભગવાન તો પરિપૂર્ણ વીતરાગ છે, હું તો મારી ભક્તિની ભાવનાથી કહું છું. હે ભગવાન ! મને તમે તારો – એમ કહેતાં વખતે પણ તેના જ્ઞાનમાં એમ વર્તે છે કે હું ચૈતન્ય ભગવાન છું. હું પુરુષાર્થ કરીશ ત્યારે તરીશ.–એમ બધું જ્ઞાન તો યથાર્થ કરવું જોઈએ. પણ ભક્તિ કરે ત્યારે ભક્તિથી રંગાયેલો હોય. જો તે કૃત્રિમ વિકલ્પો કર્યા કરે તો ભક્તિ આવવી મુશ્કેલ પડે છે, ભક્તિ ઊપડતી નથી. **(સ્વાનુભૂતિદર્શન–૪૭૯)**

❀

**પ્રશ્ન :–** આબાળગોપાળ બધાંને ભગવાન આત્મા જણાઈ રહ્યો છે એટલે શું ? અનુભવાઈ રહ્યો છે – અનુભવમાં આવે છે તેનો શું આશય છે તે સમજાવશોજી.

**સમાધાન :–** આચાર્યદેવ કહે છે કે જ્ઞાન–લક્ષણ તારાથી ઓળખાય તેવું છે. અનુભવાઈ રહ્યો છે એટલે કે તે રૂપે તું છો, તારા સ્વભાવે તું પરિણમી રહ્યો છો. અનુભવમાં આવે છે એટલે કે વેદનરૂપે, સ્વાનુભૂતિરૂપે અનુભવમાં આવે છે એમ નહિ; પરંતુ પરિણમનમાં તું જ્ઞાન–લક્ષણથી પરિણમી રહ્યો છે, તેનાથી ઓળખાય તેવો તું છો. તું પોતે જ છો, તો તું તને કેમ જાણતો નથી ? તું જ્ઞાનસ્વભાવે છો, જ્ઞાનસ્વભાવે તું જ થઈ રહ્યો છો. તું પોતે અનુભવરૂપે રહ્યો છો. પણ તે અનુભવ એટલે આનંદના વેદનની અનુભૂતિ નહિ; પરંતુ તું તારા અસ્તિત્વરૂપે છો, તેને ઓળખી લે. તું જ છો, તું જડ નથી થઈ ગયો પણ અંદર વિકલ્પમાં એવો અટવાઈ ગયો છે કે તને તેનાથી છૂટા પડવું મુશ્કેલ પડે છે. એક એક જ્ઞેયમાં–ખંડ ખંડમાં–અટવાઈ ગયો છો તેથી અખંડને ગોતવાની મુશ્કેલી પડે છે. જાણનારો તું છો, નિઃશંકપણે બધાને જાણે છે. **(સ્વાનુભૂતિદર્શન–૪૮૦)**

❀

**પ્રશ્ન :–** સાચી રુચિવાળા જીવની પરિણતિ કેવી હોય તે બતાવશોજી.

**સમાધાન :–** જે રુચિવાળો હોય તેને એમ થાય કે કરવા જેવું તો આ એક જ છે, શુદ્ધાત્મારૂપે પરિણતિ કરવી તે જ કરવાનું છે. પણ હજી મારાથી થયું નથી. આત્મા શુદ્ધ છે પણ પુરુષાર્થ કરીને શુદ્ધતાને હું પામ્યો નથી. તેનું હૃદય ભીંજાયેલું હોય છે. તે અશુભથી બચવા શુભમાં ઊભો રહે છે, પણ શુભમાં સર્વસ્વ માનતો નથી. જે સ્વચ્છંદી જીવો છે તે પોતાને પર્યાયથી શુદ્ધ માને છે ને આ બધું ઉદય આધીન થાય છે એમ કહે છે. પણ તે એક જાતનું શુષ્ક જ્ઞાન છે.

રુચિવાળા જીવને જ્ઞાન અને ક્રિયાનયની મૈત્રી ભલે અંતરમાં પરિણતિરૂપે પ્રગટી નથી, છતાં ક્રિયામાં મોક્ષ માનતો નથી.

અને આત્મા શુદ્ધ છે, પરંતુ હું તે રૂપે પરિણમ્યો નથી એમ માને છે. તેને શુભભાવ આવે છે, પરંતુ શુભમાં સર્વસ્વ માનતો નથી. અને શુદ્ધભાવ કેમ પ્રગટે તેની ભાવના રહે છે. આત્મા વસ્તુસ્વભાવે શુદ્ધ છે એવી રુચિ અને ભાવનાથી જે જિજ્ઞાસુ છે, મુમુક્ષુ છે, આત્માર્થી છે તેનું હૃદય ભીંજાયેલું રહેવું જોઈએ. જે શુષ્કજ્ઞાની છે તેનું હૃદય ભીંજાયેલું હોતું નથી અને બીજા (ક્રિયાજડ) ક્રિયાના પક્ષપાતી થઈ જાય છે.

રુચિવાળા જીવને 'કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ' માત્ર મોક્ષની અભિલાષા રહે છે. આત્માર્થીને ન શોભે તેવા કષાયો તેને હોતા નથી.

'ભવે ખેદ અંતર દયા ત્યાં આત્માર્થ નિવાસ.' આત્માર્થીનું હૃદય એવું હોય છે કે શુદ્ધાત્મા કેમ પ્રગટે ? જિજ્ઞાસા એવી હોય છે કે શુદ્ધાત્માની પરિણતિ કેમ પ્રગટ થાય ? તેવી ભાવનાથી તેનું હૃદય ભીંજાયેલું હોય છે. આવા જીવને જ્ઞાન અને ક્રિયાનયના પક્ષપાતી કહેવાતા નથી પણ તે મુમુક્ષુની ભૂમિકામાં છે. હું આગળ વધી શકતો નથી તેવી ખટકથી તેનું હૃદય ભીંજાલું રહે છે.

આત્માર્થી ભક્તિમાં જોડાય છે ને યથાશક્તિ વિરક્તિ પણ હોય છે. તે બહારમાં રચ્યો-પચ્યો રહેતો નથી. તેને અંદર કષાયની તીવ્રતા વધતી નથી, પણ મંદતા હોય છે. તેને આત્માર્થનું પ્રયોજન હોય છે, ને એવી અંદરની રુચિ હોય છે.

જેને શુદ્ધજ્ઞાન અને ક્રિયાનયની મૈત્રી પ્રગટ થઈ છે તે જ્ઞાનીની વાત જુદી છે અને જેને જ્ઞાનનય કે ક્રિયાનયનો પક્ષપાત વર્તે છે તે અજ્ઞાનીની વાત પણ જુદી છે. જ્યારે આ તો રુચિવાળો જીવ છે.

ચૈતન્યનું કાર્ય કરવું એ તારી ફરજ નથી ? તારો કાળ નકામો ન ગુમાવીશ. આ મનુષ્યભવનો કાળ આત્માને માટે ગાળ. શરીર માટે અનંતકાળ કાઢ્યો, શરીરની સગવડતા માટે અનંતકાળ કાઢ્યો-ગુમાવ્યો છે. હવે એક ભવ તું આત્માને માટે કાઢ. આ ભવ એવો કાઢ-એવો વિતાવ કે બધા ભવનો અભાવ થઈ જાય. બધા અનંતભવ શરીર ખાતર, બહારની સગવડતા ખાતર ગાળ્યા; પણ તારા ભવભ્રમણનો છુટકારો થયો નથી. આત્માને માટે હવે એક ભવ તો એવો ગાળ કે જેથી તારા બધા ભવનો અભાવ થઈ જાય. **(સ્વાનુભૂતિદર્શન-૪૮૧)**

❁

**પ્રશ્ન :-** આત્મજ્ઞાન પ્રગટ કરવા માટે તપશ્ચર્યા કરવી પડે ?

**સમાધાન :-** આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેનું જ્ઞાન પ્રગટાવવાના પુરુષાર્થમાં વચ્ચે શુભભાવ આવે છે. પણ એકલી તપશ્ચર્યા કરે તો કંઈ થાય નહિ. સાચા માર્ગે ચાલવું હોય તો, પહેલાં ઓળખાણ કરે કે ક્યા માર્ગે જવું છે. માર્ગ જાણ્યા વગર કોઈ ચાલવા માંડે અને ક્રિયા કરવા માંડે; પણ ક્યાં જવું છે તે તો નક્કી કર ? આત્મામાં જવું છે, તો આત્માને ઓળખ્યા વગર તારાં પગલાં ક્યાં ભરીશ ? જ્ઞાન યથાર્થ કર, તો તારી જ્ઞાન-પરિણતિની જે ક્રિયા થશે તે રાગથી જુદી પડશે. માર્ગ અંતરમાં છે, બહારમાં નથી.

ભેદજ્ઞાનજ્યોતિ અંદરમાંથી રાગ અને સ્વભાવને જુદા પાડીને સ્વાનુભૂતિની દશા પ્રગટ કરે છે. સ્વરૂપલીનતા કરવી તે જ્ઞાનજ્યોતિનો સહજ સ્વભાવ છે. કૃત્રિમ વિભાવ અનાદિથી તેને સહજ જેવો થઈ પડ્યો છે; પણ પોતાનો સ્વભાવ પ્રગટ થવો તે સહજ છે. જ્ઞાનજ્યોતિ જ્યાં સ્વભાવના પંથે ચાલી ત્યાં સ્વભાવ સ્વભાવમાંથી ઊઘડતો જાય છે ને લીનતા વધતાં ભૂમિકા વધતી જાય છે. જ્ઞાનજ્યોતિ લીલામાત્રમાં વિભાવને ઉખેડી નાખે છે, વચ્ચે જે વિભાવ આવે તેને કાઢી નાખે છે.

નાનાં બાળકો નિશાળમાં ભણતાં હોય ને હોંશિયાર હોય તો જરાક વારમાં જવાબ લખી નાખે, તુરત જવાબ આપી દે, તેને બોજો ન લાગે. આ તો દૃષ્ટાંત છે. તેમ જ્ઞાનજ્યોતિની શક્તિ પ્રગટ થઈ તે લીલામાત્રમાં સ્વરૂપમાં લીન થાય છે. પરિણતિ બહાર આવતાં અંતરમાં જવું તે પોતાના હાથની વાત છે, તે દુર્લભ નથી. **(સ્વાનુભૂતિદર્શન-૪૮૨)**

❀

**પ્રશ્ન :–** અંતરમાં જવા માટે લાચારી કરવી પડતી હોય છે ?

**સમાધાન :–** પરિણતિની દોરી અંદરમાં લઈ જવી તે જ્ઞાનીના હાથમાં છે. પરિણથિની દોરી સ્વરૂપ તરફ ખેંચવી તે તેના હાથની વાત છે, તેમાં કોઈની લાચારી કરવી પડતી નથી. પુરુષાર્થની મંદતાને લઈને તેબહાર આવી જાય છે; પણ બહાર આવીને પોતે અંતરમાં લીલા માત્રમાં જઈ શકે છે. પોતાની સ્વરૂપની પરિણતિને તે વધારતો જાય છે અને તેના માટે બીજા કોઈના આશ્રયની જરૂર નથી. **(સ્વાનુભૂતિદર્શન-૪૮૩)**

❀

**પ્રશ્ન :–** ચૈતન્યનો લાભ અને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ આદિનો લાભ, બધું ગુરુદેવના પ્રતાપે મળ્યું ?

**સમાધાન :–** આ ચૈતન્યનો લાભ તે જ અંતરનો ખરો લાભ છે એમ ગુરુદેવ કહે છે. બહારનો દેવ-શાસ્ત્ર-ગુરુનો લાભ મળવો તે પણ મહાદુષ્કર છે. ગુરુદેવ મળ્યા, જિનેન્દ્રદેવ મળ્યા, શાસ્ત્ર મળ્યાં, એ બધો લાભ મળવો તથા તે કાર્યોમાં જોડાવું એ બધું દુર્લભ છે; પણ આ ચૈતન્યનો લાભ તો તેનાથી પણ દુલર્ભ છે.

પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવ કહે છે ને ! કે જીવને અનંતકાળથી જિનન્દ્રદેવ નથી મળ્યા અને સમ્યગ્દર્શન પ્રાપ્ત નથી થયું. તે બે દુર્લભ છે. જિનેન્દ્રદેવ મળવા મુશ્કેલ છે, છતાં મહાભાગ્યે જિનેન્દ્રદેવ મળ્યા; પણ અંદરમાંથી ગ્રહણ કર્યા નથી, એટલે ખરેખર મળ્યા નથી. અને એક સમ્યગ્દર્શન પ્રાપ્ત થવું મહામુશ્કેલ છે. તેથી આ બધા લાભની સાથે ચૈતન્યના લાભની દૃષ્ટિ રાખવી; ચૈતન્યનો લાભ લેવો, તે કરવા જેવું છે.

ચૈતન્યના લાભ ઉપર દૃષ્ટિ રાખવા જેવી છે કે ચૈતન્યનો લાભ કેમ થાય ? ચૈતન્યનું અસ્તિત્વ કેમ ગ્રહણ થાય ? હું આ ચૈતન્યસ્વરૂપ આત્મા છું એમ તેને ગ્રહણ થવો જોઈએ. માત્ર ગોખવાથી કે બોલવાથી તે નહીં થાય. જોકે તેની ભાવના થાય તે જુદી વાત છે; પણ તેના મૂળ અસ્તિત્વને ગ્રહણ કરવું. મારી અસ્તિ ચૈતન્યરૂપ છે. આ જે પરદ્રવ્ય દેખાય છે તે હું નહિ તેમ જ આ જે શુભાશુભભાવરૂપ વિભાવનું અસ્તિત્વ છે તે હું નહિ. મારું અસ્તિત્વ મારામાં છે, પણ બીજું અસ્તિત્વ મારામાં નથી; હું તેનાથી જુદો છું. જે સાધકદશાના ક્ષણિક પર્યાયો થાય તે પણ મૂળ દ્રવ્ય નહિ, મૂળ દ્રવ્ય તો અખંડ સ્વરૂપે પૂર્ણ છે. આ પૂર્ણ સ્વરૂપ ઉપર દૃષ્ટિ કરે તો પૂર્ણતાની પર્યાય પ્રગટ થાય. સાધકપણાની પર્યાયોમાં પણ રોકાવા જેવું નથી. તે વચ્ચે આવે ખરી, પણ તેમાં રોકાવા જેવું નથી. જે અનાદિ-અનંત શાશ્વત પૂર્ણ છે તે ચૈતન્યનો લાભ કેમ પ્રગટ થાય ? તે કરવા જેવું છે. તે લાભ પહેલા અંશે પ્રગટ થાય અને પછી પૂર્ણ પ્રગટ થાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૮૪)**

❀



## ધન્ય આરાધના

(કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા વ્યક્ત થયેલ સ્વયંની અંતરંગદશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન)

૪૩૯

**મુંબઈ, ચૈત્ર સુદ ૬, ગુરુ, ૧૯૪૯**

**'ઉપાધિનો જોગ વિશેષ રહે છે. જેમ જેમ નિવૃત્તિના જોગથી વિશેષ ઈચ્છા થઈ આવે છે, તેમ તેમ ઉપાધિની પ્રાપ્તિનો જોગ વિશેષ દેખાય છે. ચારે બાજુથી ઉપાધિનો ભીડો છે. કોઈ એવી બાજુ અત્યારે જણાતી નથી કે અત્યારે જ એમાંથી છૂટી ચાલ્યા જવું હોય તો કોઈનો અપરાધ કર્યો ન ગણાય. છૂટવા જતાં કોઈના મુખ્ય અપરાધમાં આવી જવાનો સ્પષ્ટ સંભવ દેખાય છે, અને આ વર્તમાન અવસ્થા ઉપાધિરહિતપણાને અત્યંત યોગ્ય છે; પ્રારબ્ધની વ્યવસ્થા એવી પ્રબંધ કરી હશે.'**

કૃપાળુદેવને સર્વ સંયોગોથી પોતાનું ભિન્નપણું અનુભવતાં, જે પ્રકારે પ્રવર્તમાન સંયોગો ભિન્નપણે દેખાય છે, તે આ વચનોમાં સ્પષ્ટ જણાય છે. બાહ્યમાં ઉપાધિનો જોગ વધતો જાય છે, અને અંતરંગમાં તે ઉપાધિક કાર્યોથી નિવૃત્ત થવાની ઈચ્છા વધતી જાય છે. નિવૃત્તિની ભાવના વૃદ્ધિગત થતી હોવા છતાં બાહ્ય સંયોગોમાં ચારે બાજુથી ઉપાધિનો ભીડો થતો હોય, તેવી સ્થિતિ દેખાય છે. તે આ પત્રથી જણાય આવે છે. અને આવા જ પ્રકારનો ઉલ્લેખ તેઓશ્રીએ અંગત કાવ્ય ('ધન્ય રે દિવસ આ અહો')માં પણ કર્યો છે. વર્તમાન વર્તતી ઉદાસીનઅવસ્થા નિવૃત્તિયોગ માટે અત્યંત યોગ્ય છે; તેવું આત્માને વિષે વર્તતું હોવા છતાં, અને ઉપાધિમાંથી છૂટીને ચાલ્યા જઈ શકે તેવી પરિણામશક્તિ હોવા છતાં, પણ તેમ કરતાં કોઈનો મુખ્ય અપરાધ થવાનો સ્પષ્ટ સંભવ દેખીને, તે પ્રકારની હઠયુક્ત પ્રવૃત્તિ નહિ કરતાં, તેઓશ્રીએ પૂર્વ પ્રારબ્ધની પ્રબંધિત વ્યવસ્થાને અનુસરવું ઉચિત ગણ્યું છે. અને એ રીતે પ્રારબ્ધને અનુસરીને પ્રવૃત્તિમાં રહેતાં પણ, ભિન્ન જ્ઞાનમય આત્માના જ્ઞાનરૂપ પરિણમન દ્વારા, ક્ષણે ક્ષણે પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષ પ્રત્યે અનન્ય ભાવે આગળ વધી રહ્યાં છે. ધન્ય છે તેઓશ્રીની આરાધનાને !

❀

૪૪૪

**મુંબઈ, ચૈત્ર વદ ૦)), રવિ, ૧૯૪૯**

**'સંસારીપણે વસતાં કઈ સ્થિતિએ વર્તીએ તો સારું, એમ કદાપિ ભાસે, તોપણ તે વર્તવાનું પ્રારબ્ધાધીન છે. કોઈ પ્રકારનું કંઈ રાગ, દ્વેષ કે અજ્ઞાનનાં કારણથી જે ન થતું હોય, તેનું કારણ ઉદય જણાય છે.'**

કૃપાળુદેવને નિવૃત્તિયોગની તીવ્ર ભાવના હોવા છતાં, પ્રારબ્ધાધીનપણે સંસારીપણે વર્તવા સિવાય અન્ય કોઈ ઉપાય દેખોતા નથી. તેમ જાણીને, પ્રવૃત્તિ વચ્ચે તેઓ દેખાય છે. તો પણ તે પ્રવૃત્તિ સંબંધી કોઈ પ્રકારનું કાર્ય, કોઈ રાગ-દ્વેષ કે અજ્ઞાનના કારણથી-તેમના નિમિત્તે કાંઈ કરાતું નથી; તેથી તે માત્ર ઉદયના કારણે જ પ્રવૃત્તિ છે. -તેમ જાણવા યોગ્ય છે. આ પત્રમાં પણ તેઓશ્રીનું, સંયોગરૂપ પરપદાર્થ પ્રત્યેનું, અકર્તાપણું સ્પષ્ટ પ્રદર્શિત થાય છે.

❀